એજ્યુકેશનલ ખાતા. તરફથી ઇનામ માટે મંજુર થયું છે.

વનચારિની.

યોજક

કૃપાશંકર કાશીરામ ત્રવાડી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મુળચંદ આશારામ બુકસેલર્સ એન્ડ કંપની.

રતનપોળના નાકે, અમદાવાદ.

(સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવ્યો છે.)

અમદાવાદ.

અમદાવાદ રોડ ઉપર શ્રી "સત્ય" પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ નાથુભાઈ ભાટીયાએ છાપ્યું.

સંવત ૧૯૭૫ સને ૧૯૧૮

કિંમત. એક આનો.

વનવાસિની.

પ્રકરણ ૧ લું.

એક પૂનેમને દિવસે રાત ઘણી ગઇ છે. પ્રાણી માત્ર ઉંઘ્યાં છે, આકાશમાં પૂર્ણચંદ્ર ઉગ્યાથી ચંદની ખીલી રહી છે, પૃથ્વી તેજોમય બની છે, પવન ધીમો ધીમો વાય છે તેથી ઝાડનાં પાંદડાં તથાં ફૂલ હાલાડોલ કરી રહ્યાં છે, તથા તેમાંનાં કેટલાંક જાણે હિંચકા ખાતાં થાકી ગયાં હોય તેમ ભોંયપર પડે છે, અને ઝર ઝર અવાજ કરી વહેતી નદીના નિર્મળ પાણીપર ચંદ્રમાનું અજવાળું પથરાયાથી જાણે સ્ફટિક મણિનો ચકચકતો રસ વહેતો હોય એમ લાગે છે. તે વખતે એક જુવાન માણસ ઉતરી ગયેલે ચહેરે નદીને કિનારે બેઠો છે. કુદરતની આવી રળિઆમણી શોભા છતાં તે જુવાનની નજર તેના તરફ ખેંચાતી હતી. પણ જાણે કોઇ જોગીરાજ ધ્યાન ધરવા બેઠો હોય તેવી રીતે એકચિત્ત થઇને તે કંઇ વિચાર કરે છે, અને વચ્ચે વચ્ચે એક એક ભારે નિસાસો (નિશ્વાસ) નાંખતો જાય છે. દિલગીરીનાં તમામ ચિન્હ એના ચહેરાપર ખુલ્લી રીતે દેખાય છે.

એ જુવાનની પુંઠ પાછળ એક ગાઢું વન હતું. તે વનમાંથી એક નવા ખીલેલા ગુલાબના ફૂલના જેવી કોમળ અને સુંદર પણ ઘણી ગભરાયલી સ્ત્રી તેજ વખતે નીકળી આવી અને આંખો ફાટી રાખીને ચારે બાજુએ જોવા લાગી. તેવામાં એકદમ તેની નજર એ જુવાનપર પડયાથી જાણે મડદામાં પાછો જીવ આવ્યો હોય તેમ તેનો ગભરાટ સમી ગયો. પછી તે ધીરે ધીરે ચાલીને જુવાનની પછવાડે આવી ઉભી રહી, પણ તે જુવાન પોતાના વિચારમાં મશગુલ થયેલો હતો તેથી તેણે તેને દીઠી નહિ. પછી પાછળ ઉભે ઉભે તે સ્ત્રી તે જુવાનના મનની ઉંડી દિલગિરી ઝટ જાણી ગઇ અને તેથી તે

પોતે પણ દિલગિર થઇને તેના એક પાસે બેશી ગઇ. આ વખતે તે જુવાનની નજર તેનાપર પડી; તેથી તે તેને કંઇક કહેવાનું કરતો હતો, એટલામાં સ્ત્રીએ પોતાનો હાથ તેના હાથપર મૂકીને ગભરાટથી તેને પૂછ્યું કે—" આ શું ! આટલી મોડી રાતે અહીં કેમ આવ્યા છો ? કાંઇ તબીયત તો બગડી નથી ને ? "

આ પૂછવાનો કશો જવાબ નહિ આપતાં તે જુવાન તે પ્રેમાળ પ્રતિમા જેવી સુંદરીના મુખરૂપી ચંદ્રમા તરફજ જોઇ રહ્યો તેથી તે બાઇએ ફરીથી તેને પૂછ્યું–" કેમ કંઈ બોલતા નથી ? શું તમને મારાપર કંઇ ગુસ્સો ચ્હડયો છે ? આ વખતે તે જુવાનનું ઉતરી ગયેલું મ્હો જરા હસતું લાગ્યું. પછી તે સુંદરીને પોતાની અડોઅડ બેસાડીને સ્નેહપૂર્વક તેણે કહ્યું–" શોભના ! તું શું એવી છે કે તારા ઉપર ગુસ્સો ચ્હડે ? મને એક સ્વપ્નું આવ્યું તેમાં જોયેલા દેખાવથી મારૂં મન ચંચળ થયાને લીધે તને જગાડયા વિનાજ આ તરફ ચાલી આવ્યો છું. " તે સાંભળીને આતુરતાથી શોભનાએ તેને પૂછ્યું " સ્વપ્નમાં તમે એવું શું જોયું કે જેથી એકદમ એ પ્રમાણે થઇ આવ્યું ? " તેને આમ આતુર બનેલી જોઇને તે જુવાન કહેવા લાગ્યો કે–" સ્વપ્નમાં મેં એક મોટું તળાવ જોયું તે તળાવમાં હજારો મોટાં મોટાં કમળ ખીલી રહ્યાં હતાં; તેમાંના એક કમળ ઉપર મા પલાંઠી વાળીને બેઠી હતી. તળાવના પાણીની લેહેરોને લીધે જેમ જેમ કમળ હાલતાં તેમ તેમ માના પગ હાલતા હતા. આ દેખાવ જોઇને હું ગાંડો ઘેલો થઈ ગયો. અને માના ખોળામાં બેસવા જવા માટે ડાગળીચ્હંદની પેઠે કંઈ પણ વિચાર કર્યા વિના એકદમ કુદીને તળાવમાં પડી માને પકડી પાડવા માટે પાણીમાં આમ તેમ ઘુમવા લાગ્યો. મને એમ બાથોડિયાં મારતો જોઇને માને હસવું આવ્યું. તેથી ખોટું લગાડીને હું રડી પડયો. મને એમ રડીને દુઃખી થતો જોઇ દયાળુ માનું મન પીગળ્યું; તેથી તેણે મધુર સ્વરથી મને કહ્યું, " બેટા ! શા માટે આમ દુઃખી થાય છે ? આજ તું મારા ખોળામાં આવી બેશી શકીશ નહિ. " તે સાંભળીને મારૂં કાળજું કપાઈ જવા જેવું થયાથી ગરીબ થઇને મેં તેને કહ્યું– ' મા ! આજ પાંચ વર્ષ પછી હું તમારૂં મ્હો જોવા પામ્યો છું તેથી હવે

તમને છોડનાર નથી, પણ તમારા પગ નીચે પડી રહીશ.' તો પણ તેણે હસીને કહ્યું—' બેટા ! કોઈપણ રીતે આજ તું મારી પાસે આવી શકીશ નહિ. પણ થોડાજ દિવસમાં હું આવીને તને મારા ખોળામા લેઈશ. આટલી વાત કરીને તે એકદમ કયાં અંતર્ધ્યાન થઇ ગઇ તે કંઈ મારા જાણવામાં આવ્યું નહિ. એટલામાં મારી આંખ ઉઘડી ગઇ. અને જોયું તો ના મળે તળાવ કે ના મળે મા; તેથી મારો જીવ બહુ ખોટો થઇ જવાને લીધે એકદમ ઘરમાંથી બહાર નીકળીને અહીં આવી બેઠા છું અને એ સ્વપ્ન સંબંધીજ વિચાર કર્યા કરૂં છું."

હિરાલાલના સ્વપ્નાની વાત સાંભળીને શોભનાના મનને ઘણું દુ:ખ લાગ્યું, તેથી તેની આંખમા આંસુ ભરાઇ આવ્યાં. તે જોઇને હિરાલાલે પ્રેમ દેખાડીને તેની આંખો લોહી નાખી. તે પછી કેટલીક વારસુધી બંને જણ છાનાંમાનાં બેશી રહ્યાં. પછી હિરાલાલે શોભનાના હાથ પકડીને તેને પૂછ્યું— "શોભના ! શા માટે તું રડતી હતી ? તેં તો માને હમેશાં સુખ દીધું છે. તારી ચાકરીથી અને કોશિશથી તો તે ઘણા સુખમા રહેતી હતી. મરણ પથારીએ સૂતાં સૂતાં પણ તેણે મને કહ્યું હતું કે—હિરા ! શોભના આપણા ઘરની લક્ષ્મી છે. તેણે હમેશાં એક સરખા ઉમંગથી અને પૂજ્યબુદ્ધિથી મારી ચાકરી કરી છે. દીકરી નહિ હોવાથી હું મારા મનમાં ઓછું આણતી હતી અને ઘડપણમાં મારી બરદાસ્ત કોણ કરશે એવી ફિકર કર્યા કરતી હતી; પરંતુ શોભનાના આવ્યાથી મારાં સર્વ દુ:ખ દૂર થઇ ગયાં છે. માએ તારા માટે આ પ્રમાણે સારો ભાવ જણાવ્યાથી તે વખતે મારા હૃદયમાં અમૃતની નદી વહેતી હોય એમ મને લાગ્યું હતું." આ હકીકત સાંભળતાં સાંભળતાં શોભનાની આંખોમાંથી એટલાં બધાં આંસુ પડતાં હતાં કે તેથી હિરાલાલનો હાથ ભીંજાઇ ગયો હતો, એટલુંજ નહિ, પણ હિરાલાલની છાતીપર પણ તેનાં આંસુ પડયાં હતાં. હિરાલાલ—શોભનાનો રસીલો સ્વામી, પોતાના હાથવતી તેની આંખોમાંનાં આંસુ લુછવા લાગ્યો.

પછી ધીરે ધીરે શોભનાએ પોતાના મનનો વેગ શમાવ્યો અને ધીરે

ધીરે તે રસીલાં (સહૃદય) ધણીધણીઆણી પાછાં વાતચીત કરવા લાગ્યાં. રહેતે રહેતે હસવાનું અને પરસ્પર પ્રેમભાવ દેખાડવાનું પણ શરૂ થયું. તે વખતે બંને જણ વિચાર કરવા લાગ્યાં કે, આ મ્હો જોયાથી શું હવે મનમા જરાએ દુઃખ રહે છે ?

અરે હિરાલાલ! અરે શોભના ! ભવિષ્યના ગર્ભમાં એવો એક દિવસ છે કે જે દહાડે આજનો બનાવ અને આજનો વખત સ્વપ્ન બરાબર જણાશે.

પ્રકરણ ૨ જું.

તે પુનેમ ગઇ છે અને આજ અમાસની રાત છે. અંધારાથી પૃથ્વી છવાઇ ગઈ છે. લાખો તારા આકાશમા ખાલી રહ્યા છે, પરંતુ એક કાળું વાદળું આવીને તે તારાઓના મ્હો ઢાકી દેઇ અંધારાનું જોર વધારે છે તારાઓના પેંઠ લાખો આગિયા કીડા ઝાડોમ. આમ તેમ ફરે છે, તેઓને ચળકાટ એકદમ ચળકીને પાછો બંધ થઇ જાય છે. જે વખતથી આ પ્રકરણની હકીકતનો આરંભ કરીએ છીએ તે વખતે એક પ્હોર રાત ગઇ છે

હિરાલાલ પોતાની જંગલમાની શણગારેલી રમણીય ઝુંપડામા સ્વચ્છ બિછાનાપર સુતો સુતો વર્તમાનપત્ર વાંચે છે. પ્રેમની મૂર્તિ જેવી શોભના તેની પાસે બેસીને સાંભળે છે. અને ધીરે ધીરે સ્વામીના શરીર ઉપર પોતાનો કોમળ હાથ હરખભેર ફેરવે છે, એ આનંદી ધણીધણીઆણીને એ આનંદ ભોગવતાં રહેવા દઇ, આ પ્રસંગે હિરાલાલની પહેલાંની થોડીક ઓળખાણ આપીએ છીએ.

હિરાલાલનો બાપ એકંદરે ધનવાન હતો. પરંતુ નસીબ જોગે ઘણા માણસોના સંબંધમાં જેમ બને છે તેમ તેના સંબંધમાં પણ બન્યું હતું. મતલબ કે સરકારમાં દાવા લઢવામાં તેનું તમામ ધન જતું રહ્યું હતું. તે વખતે હિરાલાલની ઉમ્મર અઢાર વર્ષની હતી, અને તે પહેલાં તેનાં લગ્ન થઇ ગયાં હતાં. અત્યારે તો કોલેજમાં (પાઠશાળામાં) ભણતો હતો પરંતુ ગરિબાઇમાં આવી પડયાથી અને તેને લાગે બાપના કહેવાથી, તેને અભ્યાસ

કરવાનું છોડી દેવું પડયું, પછી થોડા દિવસમાં તેનો બાપ મરણ પામ્યો, અને તેજ અરસામાં અગ્નિકોપ (ભયંકર આગ) થયાથી તેનું ઘરબાર વગેરે તમામ બળીને રાખ થઈ ગયું. આથી તે છેક લાચાર બની ગયો. એવી દરિદ્રતાની હાલતમા સ્નેહી સંબંધીઓ અને ઓળખાણ પિછાણવાળા માણસો ભેગું રહેવાનું તેને મુસ્કિલ લાગ્યું, તેથી મા અને સ્ત્રીને લેઇને વનમાં ઝુંપડું બાંધીને ત્યાં રહેવા લાગ્યો. પછી કેટલાક દિવસ કેડે તેની મા પણ મરી ગઇ.

હમણાં હિરાલાલની તમામ માલ મિલકતમાં માત્ર એકલી શોભનાજ છે, શોભનાજ તેની પાસે શીખનારી શિષ્યા (વિદ્યાર્થીણી) છે, રસોઈ કરનારી દાસી છે, જીંદગીનું અમૂલ્ય રત્ન છે, કાળજાની કોર અને હૈયાનો હાર છે તથા પ્રીતિ કરવાની વસ્તુ છે. ટૂંકામાં તેનું જે કહો તે શોભનાજ છે. શોભના વિના તેનું મન, ઝુંપડું વગેરે કોઈ પણ સ્થળ ખાલી નથી. જયાં જુઓ ત્યાં શોભનાજ શોભના !

હમણાં હિરાલાલની ઉમ્મર અઠ્યાવીશ વરસની હતી અને શોભના તેનાથી સાત વર્ષે નાની હતા. હિરાલાલ ધર્મી, દયાળુ, સારા કામમાં સાહસ કરનારો અને જે કામ કરવાની તેની ફરજ છે એમ તેને સમજાય તે કામ બરાબર તન દેઇને કરનારો હતો. આજકાલના ઘણા જુવાનોનાં અંતઃકરણ દયા ધર્મની ખરી લાગણી વગરનાં પત્થર જેવાં થયેલાં જોવામાં આવે છે તેવું હિરાલાલનું અંતઃકરણ નહોતું. હવે વાંચનારાઓને અમારે કહેવાની જરૂર રહેશે નહિ કે આ વનવાસિની (વનમાં રહેનારી) શોભના દરિદ્રતામાં પણ અપાર સુખ અને સૌભાગ્યની ધણીઆણી (માલિક) હતી.

પાછળ જણાવી ગયા છિયે કે—હિરાલાલ ઝુંપડીની અંદર બિછાનાપર સૂતો સૂતો વર્તમાનપત્ર વાંચતો હતો અને શોભના તેની પાસે બેસીને સાંભળતી હતી. એવામાં દૂરથી કંઇ અવાજ સંભળાયો; તેથી હિરાલાલ વાચતાં વાંચતાં એકદમ અટકી ગયો અને શોભના પણ કાન માંડીને સાંભળવા લાગી. બંને સમજ્યાં કે એ અવાજ કોઇ નાના છોકરાનો છે અને બીકથી ધ્રુજતો ધ્રુજતો તે બુમો પાડે છે. આથી એકદમ ચમકીને હિરાલાલ શોભનાના સામું જોઇને બોલ્યો—' આ શું ! પેલી તરફથી આવતો અવાજ એકદમ

બંધ કેમ થઇ ગયો!!' વળી પાછો મ્હો દબાવી રાખ્યાથી માણસ જેમ બોબડું તોતડું અને ગેગેં ફેંફેં બોલે તેવો અવાજ સંભળાવા લાગ્યો. તેથી હિરાલાલે જલદીથી પોતાની પ્રિયાને પૂછ્યું-" શોભના ! એ શું છે તે હું જોઇ આવું વારુ ?" તે સાંભળીને શોભના એકદમ ઉઠી અને ઝુંપડીના ખૂણામાં હથિઆર હતું તે લાવી હિરાલાલના હાથમા આપીને બોલી-" ચાલો જઇએ ?"

હિરાલાલે પૂછ્યું-" શું તું પણ આવે છે ?"

શોભનાએ કહ્યું-" આવા અંધારામા અને આફતમાં તમે એકલા જાઓ તે હું જીવતી છતા શી રીતે જોઇ રહુ ?"

આમ વાતો કરીને બંને ઝુંપડીમાંથી બહાર નીકળ્યા. હિરાલાલના હાથમા હથિયાર છે અને શોભનાના હાથમા દીવો છે. આવે વેશે તે બંને જણાં આગળ પાછળ ચાલતા જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ઝપાટાબંધ ચાલ્યા.

પ્રકરણ ૩ જું.

વનમા જઇને જે દેખાવ જોયો તેથી કોમળ હૃદયની શોભનાની વાત તો બાજુએ રહી, પણ હિરાલાલનું એ આખું શરીર થર થર કાંપવા લાગ્યું. પાચ છ વરસની ઉમરના એક ઘણાજ ખૂબસુરત છોકરાને એક બિહામણા રાક્ષસ જેવો માણસ જકડીને બાંધે છે. એ છોકરાના શરીરપર ઘણા કીમતી લુગડાં અને ઘરેણાં શોભતાં હતાં. પેલા પાપી માણસે તેને એવી રીતે પકડ્યો હતો કે તેનાથી હાલી ચાલી કે બોલી શકાતું નહોતું. તરતજ હિરાલાલ હથિયાર ઉગામી કૂદકો મારીને તે પાપીનાપર ધસી ગયો. આમ અણધારેલી રીતે ધસારો થવાથી પેલો ચંડાળ પણ પોતે પકડેલા છોકરાને પડ્યો મુકીને પોતાનો બચાવ કરવા તૈયાર થઇ ગયો. પછી હિરાલાલ અને તેની વચ્ચે મારા મારી થવા લાગી. એક બીજાને મારવા અને પાછા હઠાવવામાં તેમનું તમામ ધ્યાન રોકાયલું હતું. તે વખતે ખરેખરો લાગ જોવાથી,

શોભના પેલા જકડી બાધેલા છોકરાને ઉપાડી બાથમાં ઘાલીને પોતાની ઝુંપડી તરફ દોડી ગઈ. ઝુંપડીમાં ગયા પછી તેણે છોકરાને બિછાનાપર મૂક્યો અને તેના બંધ છોડી નાખ્યા. બીકથી તે બાળક છેક બેભાન થઇ ગયેલો હતો તેથી શોભનાએ તેના મ્હોપર ઠંડું પાણી છાંટયું, તથા લૂગડાના છેડાવતી પવન નાંખવા માંડયો. એમ કર્યાથી જરા વારમાં તે છોકરો કંઇક સાવચેત થયો અને તેણે આંખો ઉઘાડીને શોભનાના મ્હો સામું જોયું. પછી તરતજ, ગમે તો શોભનાની ઘણી ખૂબસુરતીથી ખુશી થઇને અથવા તો તેના મ્હોપર દેખાઇ આવતો અકપટ સ્નેહભાવ સ્વાભાવિક રીતેજ સમજી જઇને, પોતાની માની પેઠે તેને ગળે વળગી પડયો. શોભના તેને ઝુંપડીમાં મૂકીને પોતે પાછી હિરાલાલની પાસે જવાને ઘણી તજવીજ કરતી હતી, પરંતુ તે છોકરે તેને સહજ છોડી નહિ. પછી મહા મહેનતે તેને સમજાવી ભૂલથાપ દેઇને છાનામાની તે જંગલ તરફ દોડી ગઇ.

પ્રથમની જગાએ પાછી જઇને તેણે જોયું તો પેલો પાપી ચોર નાશી ગયો છે, અને હિરાલાલનું લોહીથી તરબોળ થયેલું શરીર મડદાની હાલતમા ત્યાં પડયું છે. ઘણીવાર સુધી હિરાલાલે તે ચંડાળની સાથે મારામારી કરી હતી; પરંતુ ચોર તેના કરતાં શરીરે ઘણો જબરો અને બળવાન હોવાથી આખરે તેને હરાવી પાડી નાશી ગયો હતો. શોભના સમજી ગઈ કે હિરાલાલના શરીરમાંથી પુષ્કળ લોહી વહી જવાથી તે લોથ જેવું થતું જાય છે; તેથી તરત પોતે પહેરેલી સાડી અડધી ફાડીને પાસેની નદીમાં પલાળી લાવી. હિરાલાલના શરીરે લાગેલા ઘા ઉપર તેના પાટા બાંધી દીધા. પછી થોડી વાર કેડે તેને જરા જરા કળ વળી અને સાવચેત થયો; એટલે શોભનાના ખભાપર હાથ રાખીને ધીરેધીરે ચાલતો ચાલતો તે પોતાની ઝુંપડીમાં ગયો. ત્યાં તેને બિછાનાપર સુવાડીને શોભના ઘણી રીતે તેની આસનાવાસના કરવા લાગી. બીજી તરફ પેલો છોકરો ઘણો રડવા લાગ્યો. શોભના તેને સમજાવીને તેનું નામ ઠામ વગેરે પૂછતી હતી, પરંતુ તેનો કંઇ પણ જવાબ નહિ આપતાં તે રડયા કરતો હતો. હિરાલાલે ઘણી મીઠી મીઠી વાતો કહીને અને શોભ-

નાએ ઘણો સ્નેહભાવ દેખાડીને તેને બહુ ફોસલાવ્યો પરંતુ તે છાનો રહ્યો નહિ. રડતાં રડતાં તે માત્ર એટલુંજ બોલતો હતો કે "મારે મા પાસે જવું છે," પરંતુ હિરાલાલ અને શોભના જાણતાં નહોતાં કે તેની મા કોણ છે અને તે ક્યા રહે છે, પરંતુ એવો વહેમ ઘણી વાર રહ્યો નહિ. થોડીજ વારમાં વનની અંદર ઘણા માણસો આવી ચડયા. ઘણા સિપાઇઓ અને માણસો શોભનાની ઝુંપડી તરફ આવવા લાગ્યા. જ્યારે તેઓ છેક પાસે આવ્યા ત્યારે હિરાલાલે અશક્તિને લીધે સુતા સુતા તેમના આવ્યાનું કારણ પુછ્યું. તેના જવાબમાં તે લોકોમાંના એક મુખ્ય માણસે કહ્યું કે–" આ જંગલથી આશરે ત્રણ માઇલપર એક જમીનદારનું મકાન છે. આ ચોરાયેલો છોકરો તે જમીનદારનો પુત્ર છે. એ જમીનદારના એક નોકર દરરોજ સાંજે આ છોકરાને લુગડાં ઘરેણાં પહેરાવી ગાડીમા બેસાડીને ફેરવવા લેઇ જતો. જેણે બાપ જન્મારે સોના હીરાનું મ્હો સરખું પણ જોયેલું નહિ તેવા હલકા મનના માણમના સ્વાધીનમા હંમેશાં હજારો રૂપિઆના દાગીના રહે તેથી તેની દાનત બગડયા વિના રહેજ નહિ તેજ પ્રમાણે એ નોકરની બુદ્ધિ પણ બગડી. ઘણા દિવસથી તે પોતાનો લોભ પૂરો પાડવાની પેરવી કરતો હતો. પણ છોકરાને મારી નાંખવાની હિંમત ચાલતી નહોતી. અમારા શેઠ એવા ઉમરાવ દિલના અને દયાળુ છે કે એ ચાકરની બદદાનતનાં કંઇ કંઇ ચિન્હ કોઈ વાર જણાતા તે છતાં તેને ઘણાં વર્ષના જૂના નોકર જાણીને જવા દેતા. પરંતુ શેઠની એવી રહેમદિલીથી તે પોતાની દુષ્ટ ધારણા પાર પાડવાને વધારે લલચાતો ગયો અને તેનો અમલ કરવાને તૈયાર થયો. વખત થઇ ગયા છતાં ભાઇ ઘેર આવ્યા નહિ તેથી શેઠાણીએ રડારોળ કરી મૂકી, ને એ વાત શેઠના જાણવામાં આવ્યાથી તાબડતોબ તેમણે ચોતરફ માણસો દોડાવી શોધ કરાવવા માંડી. તેમાંના એક બે માણસોને ભાઇની ગાડી આ તરફ આવ્યાની બાતમી મળ્યાથી અમે તેમની ખબર કાઢતા કાઢતા અહીં આવ્યા છિયે."

પછી હિરાલાલે તે બાળકના બચાવ સંબંધી હકીકત ટુંકામાં તેમને કહી સંભળાવી તથા હિરાલાલનું લોહીલોહાણ શરીર જોઇને તેમણે ઘણી દિલગીરી દેખાડી. પછી " શેઠ શેઠાણી બહુ ફિકર કરતાં ને રડીમરતા હશે,

માટે અમારે જલદી જવુ જોઇએ. " એમ કહી હિરાલાલ તથા શોભનાનો ઉપકાર માની તથા તેમની પરવાનગીથી પેલા છોકરાને સાથે લેઇને, તેઓ સઘળા પાછા વળી જમીનદારના મકાન તરફ ચાલ્યા.

પ્રકરણ ૪ થું.

જમીનદાર ઘણો સારો માણસ હતો. તેની મિલ્કત પાચ લાખ રૂપિઆની હતી, અને તેનો ઉપયોગ તે બહુ રૂડી રીતે કરતો હતો. ઘણાક નામધારી "મોટા માણસો" પૈસાના મદથી છકી જાય છે અથવા ગેરવાજબી રીતે પૈસા વાપરી કે ઉડાવી કીર્તિ મેળવવાના ફાંફા મારે છે. તેમને માટે "ધનવાન" અથવા "પૈસાદાર" એ શબ્દ સાભળીને, તેઓ આપસ્વાર્થી, ગાડી વાડી ને લાડીના મોજીલા તવા હુંપદખોર દુરાચરણી હશે, એવો ભાસ સારા માણસોના મનમા સહજ ઉત્પન્ન થાય છે. પરંતુ હજી પણ એવા ઘણા "ધનવાન" ગૃહસ્થો દેશની અંદર છે કે જેમના હાથમા ધન આવ્યાથી તે ધનનો ઉપયોગ જેવો જોઇએ તેવો થાય છે. એટલું તો નક્કી છે કે ઘણે ઠેકાણે સારી વસ્તુની પેદાશ બહુ થોડી થાય છે, અને એમ થોડી પેદાશ થવાને લીધેજ સારી વસ્તુ ઘણી વહાલી અને કીમતી લાગે છે.

જમીનદાર ઘણો સારો માણસ હોવાથી તેના પ્રાણ જેવો અને ઘરેણા લુગડાથી ભરેલો ચોરાઈ ગયેલો છોકરો મેળવી આપીને જેણે તેને મહા સંકટમાંથી ઉગાર્યો છે; જેણે પોતાનો જીવ જોખમમા નાખીને પણ એક અજાણ્યા બાળકને બચાવ્યો છે, અને જે ઘાતકી માણસના હાથથી થયેલા સખ્ત જખમની વેદનાને લીધે બિછાનાપર પડી રહેલો છે ને પરોપકારી દયાળુ હિરાલાલને માટે તેનો જીવ ઘણોજ બળવા લાગ્યો, તેથી તેની દવા દારૂ કરવા સારૂ એક દાક્તર અને ઇનામ તરીકે પાચ હજાર રૂપિઆ તેણે તેની ઝૂંપડીએ મોકલી દીધા.

દાક્તરને જોઇને શોભનાને ઘણી શાન્તિ થઇ પણ ઇનામના રૂપિઆ તેણે લીધા નહિ. એ રૂપિઆ લેઈ આવનાર માણસને તેણે કહ્યું કે-" મારા

સ્વામીએ એમની ફરજ બજાવી છે, તેથી તેને માટે ઇનામ લેવું તે પાપનું કામ છે. અમારી હાલત કાંઇ છેક નઠારી નથી. જેઓ ખરેખરા લાચાર અને દરિદ્રી હોય તેમનું પાલન પોષણ થાય તેવા કામમા એ પૈસા વપરાય એવું હું ઇચ્છુ છું. જમીનદાર સાહેબે મેહેરબાની કરીને દાક્તરને મોકલ્યા છે તેટલાથીજ અમે તેમના બહુ આભારી થયાં છિયે."

ઘણો આગ્રહ કર્યા છતા શોભનાએ રૂપિઆ લીધા નહિ તેથી તે લેઇ આવનાર માણસ પાછો ગયો અને સર્વ હકીકત જમીનદારને કહી સંભળાવી. તે સાભળીને શોભનાની માણસાઇ અને ફરજ સમજવાની તેની વિવેકબુદ્ધિથી તેને ઘણો આનંદ ઉપજ્યો. અને હવે કેવા ઉપાય કરવાથી તે પૈસા લે તે સંબંધી પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો.

જમીનદારે મોકલેલો દાક્તર દરરોજ હિરાલાલને જોઇ જતો હતો. તેની દવા અને શોભનાની ચાકરીથી કોઇ દહાડો તેને (હિરાલાલને) થોડો થોડો આરામ જણાતો હતો. તેમ વળી કોઇ દહાડો દુઃખનો વધારો પણ લાગતો. ઘણા સખ્ત જખમની વેદનાને લીધે બહુ જોરથી તાવ ચડ્યો હતો તેથી તે પોતાના બિછાનાપર બેભાન થઇને પડી રહ્યા હતા.

આ વખતે શોભના ખાવાનું અને ઉંઘવાનું છોડી દઇને હિરાલાલના માથા આગળ બેઠી છે. તેને આળસ નથી, શાંતિ નથી, તેમ તે વખત બે વખત પણ જોતી નથી. તે પોતાના પ્રાણ પાથરીને માત્ર સ્વામીની સેવા કર્યા કરે છે. આહા ! વિપત્તિ–દુઃખ માણસના પાસે કેટલું કેટલું છોડાવી દેવરાવે છે, તેને કેટલી સહનશીલતા શીખવે છે, અને ગંભીરપણું રાખવાની કેટલી બધી ટેવ પાડે છે ! શોભના આ વખતે વિપત્તિમાં પડીને અમૂલ્ય શિક્ષણ મેળવે છે.

જખમની પીડાથી દુઃખ પામતા હિરાલાલ બિછાનામાં આમથી તેમ ફરીને તેનું (શોભનાનું) અમૃત જેવું મ્હો જોયા કરે છે. એ મ્હો જોવાથી ખમી શકાય નહિ એવી પીડાની પણ તેને કેટલીક શાંતિ થયા છે, તેના પ્રાણમાં નવું બળ આવે છે. હૃદયમાં ઉત્સાહ જણાય છે, અને ભૂલની

અંદર હમેશાં એક પ્રકારનો આનંદ થયા કરે છે. પ્રેમ ! તનેજ આ જૂઠા જગતમા ધન્ય છે ! મોતના ભયવાળા આ સંસારમાં તું દેવતા (અમર) છે ! અને દુનિયાના દુઃખરૂપી બળતા અગ્નિના ભડકાનાં તું અમૃત છે ! સૂર્ય આથમવાની તૈયારીમા છે, અને ઠંડો પવન ધીમે ધીમે વાય છે. શોભનાએ ધીરે ધીરે હિરાલાલના જખમપર નવું ઓસડ લગાડયું. તે વખતે હિરાલાલે નરમાશથી તેને " શોભના " કહીને બોલાવી, પરંતુ તે કંઇ પણ જવાબ નહિ આપતાં ખાટલાના સામે આવી બેઠી. ત્યારે ફરીથી હિરાલાલે તેને કહ્યું—" શોભના ! આ તારૂં દુઃખ હવે મારાથી સહન થતું નથી. આજ બાવીસ દિવસથી તું બહુ બહુ દુઃખ વેઠે છે. તે તારા કોમળ શરીરે શી રીતે સહન થઈ શકશે ? મને મટે અથવા ના મટે પણ તારૂં દુઃખ હવે હું જોઇ શકતો નથી. હમણા તું જરા સૂઈ રહીશ નહિ ?"

હિરાલાલનું આવું લાગણીનું બોલવું સાંભળીને શોભનાની આંખમા પાણી ભરાઇ આવ્યું. દુઃખની વખતે સ્ત્રીઓ ઘણું ઘણું સહન કરે છે, પણ આદરભાવ—મમતા—સહન કરી શકતી નથી. એવી વેળાએ મમતાની વાત સાંભળીને તેમના પ્રાણ પીગળી જાય છે અને તે પીગળેલા પ્રાણ આંખના પાણીરૂપે દેખાઇ આવે છે ખરી વાત નહિ સમજનાર ઘણા અજ્ઞાન પુરૂષો એવે વખતે કહેછે કે—" સ્ત્રીઓ રોઇને પુરૂષોને ગભરાવી દે છે. " પણ શામાટે તેઓ રડે છે તે સમજી શકતા નથી.

શોભનાને રોવું આવ્યું હતું પણ તે ખરેખરી રોઇ નહોતી. થોડી વાર પછી ધીમે ધીમે તે બોલીઃ—" તમે મારી ફિકર કરશો નહિ. તમે સાજા થશો એટલે મને સૂવાના ઘણા દિવસ મળશે. મારી તબીયત બગડવાનો તમે ભય રાખો છો, પણ હું જે પ્રમાણે ચાલું છું તેથી મને કંઇ પણ દુઃખ જણાતું નથી. પરમેશ્વર જે વખતે જેવી અવસ્થામાં રાખશે તેવી અવસ્થામાં રહીશું. વારૂ, હમણા તમને જરા સારૂં લાગે છે ? "

ઘણી વાર સુધી હિરાલાલ કંઈ બોલ્યો નહિ, પણ એક હાથ શોભનાના ખભાપર મૂકીને અને બીજો હાથ તેના હાથપર રાખીને તેના

મ્હો સામું જોઈ રહ્યો. પછી ધીમે ધીમે બોલ્યો—" શોભના ! તું સ્ત્રીરત્ન છે. તારી મહેનત કરવાની અને દુઃખ સહન કરવાની શક્તિ જોઇને હું બહુ આશ્ચર્ય પામ્યો છું. ઘર ધણીઆણીપણું તું એવી સારી રીતે સમજે છે કે મારા આ ગરીબ સંસારમા પણ કંઈ ઓછાપણું થયું નથી. હું હલકો માણસ છું તેથીજ તારા જેવી પતિને પોતાનો પ્રાણ સમજનાર સતીની બરાબર બરદાશ કરી શક્યો નહિ, તેમ મન ખોલીને મમતા પણ દેખાડી ના શક્યો. તારા હૃદયમાં જેટલો પ્રેમ છે તે તેં મને આપ્યો છે અને તેના આનંદથી તું સ્વર્ગના સુખની પણ આશા રાખતી નથી. પરંતુ તારા જેવી દેવીને પ્રેમ કર્યાથી જે સુખ મળે છે તે કહેવાની મારામાં શક્તિ નથી. પ્રેમ પામવાની તો વાત જ કહેવી નહિ. "

શોભનાથી હવે સહન થયું નહિ. તેની આંખનાં પાણીએ હવે અટકાવ માન્યો નહિ. હિરાલાલનું બોલવું પૂરૂં થાય તે પહેલાં તે તેના પગ પાસે પડીને કહેવા લાગી—" તમે એમ ના બોલો ! હું તમારી દાસી છું. તમારા પગની રજ છું. મારાં એટલાં બધાં વખાણ કરશો નહિ. " આ સાંભળીને હિરાલાલ કંઈ પણ નહિ બોલતાં હસી પડયો; તેથી શોભનાએ ફરીથી તેને પૂછ્યું—" હમણાં શું જરા આરામ લાગે છે ? "

હિરાલાલે કહ્યું—" મને હમેશાં સારૂં લાગે છે. શોભના ! તારા જેવી પ્રેમાળ દેવી જેના હૃદયનું અર્ધું અંગ છે તેને વળી અસુખ—પીડા, દુઃખ—કેવું ? વળી તું જાણે છે કે, તારા સ્વામી કંઈ પણ પાપ કરવાની ધારણા પાર પાડવા જતાં આ સજા ભોગવતો નથી; ત્યારે તને શેનું દુઃખ ? અને મને પણ શેનું દુઃખ ? "

એટલામાં એકદમ તે ધણી ધણીઆણીને બોલતાં બંધ થવું પડ્યું. દાક્તરની સાથે જમીનદાર પોતે હિરાલાલની ઝુંપડીમાં આવ્યો એટલે તેમને જોઇને શોભના બિછાનાપરથી ઉઠીને ઉભી રહી, પછી દાક્તરે દરદી હિરાલાલની તબીયત તપાસીને ઉતરી ગયેલે ચેહરે જમીનદારના કાનમાં કંઇક કહ્યું.

પ્રકરણ ૫ મું.

હિરાલાલ ક્યા છે ? હવે શા માટે પૂછો છો ? આજ દસ દિવસ થયા પતિપ્રાણા શોભનાનું હૃદયરત્ન આ મિથ્યા જગત છોડીને ચાલ્યું ગયું છે ! ઉગતા જુવાને પારકાના છોકરાને બચાવતાં પોતાનો જીવ ખોયો છે ! આવી રીતે મરનારનુંજ જીવતર ધન્ય છે ! સઘળા માણસો મરે છે તો ખરા, પણ કોઇ એકના જીવ બચાવતાં જે મરે છે તેજ ખરા માણસ, અને માણસરૂપે દેવતા છે. હિરાલાલના પવિત્ર આત્મા અમૃત ધામમાં ગયો છે અને એનો માણસનો અવતાર સફળ થયો છે.

શોભના ક્યાં છે ? તે કમનસિબ તરુણી જીવતરનું સર્વસ્વ—તમામ—ગુમાવીને ધૂળમાં પડી રહેલી છે ! દશ દિવસ પહેલાં તેને જે જોઇએ તે હતું; દેવતાના જેવો ધણી હતો, પ્રેમ કરનાર પુરુષ હતો. યત્ન હતો, પોતાનો માણસ હતો, સર્વ હતું. આજ તેમાંનું કાંઇ નથી ! આજ આખું જગત્ તેની આગળ ઉજડ મેદાન જેવું છે. આજ તેને સૂવાનું કહેનાર નથી, ખાવાને સોગન દેનાર નથી અને તેનું મ્હો ઉતરી ગયેલું જુએ તો પોતાનાં હજારો દુઃખ ઉપર પણ નજર નહિ રાખતાં તેને હસાવવાની કોશિશ કરનાર કોઈ નથી ! આજ તેને કોઈ નથી ! એક જણની ખોટ પડ્યાથી શોભનાના પ્રાણનું બંધન તૂટી ગયું છે, અંતરમાં અજવાળું ઓલવાઇ ગયું છે, અને સંસારનું સુખ જતું રહ્યું છે ! આજ શોભના કંગાલ, ભીખારણ, અનાથ, કે જેવી કહો તેવી થઈ પડી છે ! !

જે જાય છે તે સુખથી જાય છે પણ જે રહે છે તેજ પીડા ભોગવે છે. માણસો મોતને અતિશય નિર્દય શા માટે કહે છે ? એ સવાલના જવાબમાં એજ કહી શકાય કે—તે એક જણને લઇ જઈ બીજા એક જણનું અથવા એક કુટુંબનું કાળજું કાપી નાંખે છે તે વાસ્તેજ, નહિ તો મોત એ રોગ, શોક, સંતાપ વગેરેનું મોટામાં મોટું ઓસડ છે; તેને " નિર્દય " કહેવું એ ખોટું આળ—તહોમત—ચડાવવા જેવું છે.

જે પથારીમાં પડી રહીને હિરાલાલ મોતની પીડા ભોગવતો હતો.

તેજ બિછાનામાં શોભના આજ દશ દિવસથી પડી રહી છે. પડયે પડયે તેને ઘણી ઘણી જુની વાતો સાભરી આવી. ધણીની સારી સ્થિતિ, પછી ગરીબાઇ, માબાપનું મૃત્યુ અને તેથી થયેલો વિજોગ, તથા છેવટે વનવાસ એ સર્વ એક વખતે તેના મનરૂપી નાટકના પડદા ઉપર બરાબર દેખાવા લાગ્યાં. સ્વામીનો ઉપદેશ, મમતા અને પ્રેમ એ પણ મનમાં આવ્યા. પોતે કોઈ કોઇ વખત તકરાર કરી હતી તે પણ સાભરી આવી, અને તેમ થયાથી તેનું મન હાલની અને હવે પછીના સ્થિતિ વિષેના વિચારમાથી નીકળીને થઈ ગયેલી સ્થિતિના વિચારમાંજ લીન થઈ ગયું. એ પ્રમાણે જ્યાંસુધી તેનું મન પાછલી વાતોમા ભરાઇ રહ્યું ત્યાસુધી જાણે કોઇ મંત્રની મોહિની લાગી હોય તેમ તે સ્થિર રહી. પણ એ વિચાર બદલાઇને જ્યારે હાલની જમના દૂત જેવી ડરામણી સ્થિતિ વિષે વિચાર થયો ત્યારે તેના કાળજાના કડકે કડકા થઇ જવા માડયા. રડી રડીને તેણે એટલાં આંસુ પાડયાં કે માથા નીચેનો તકિયો ભીંજાઇને લદબદ થઈ ગયો, આંખો ફૂલી ગઈ, મ્હો સૂજી ગયું, અને શરીર ઝાંખરા જેવું થઇ ગયું. હૃદયમા દુઃખી-રૂપી દેવતા સળગે છે તેની સાક્ષી શરીર આપે છે. અરે ! તેને પુષ્કળ પ્રેમ કર્યા છતાં તેની ઇચ્છા ઓછી થતી નહોતી. તેના હમેશાના વિજોગનુ દુઃખ એકદમ શી રીતે ઓછું થાય ? પ્રેમનો ભૂખ્યો માણસજ આવી પ્રેમની પીડા સમજી શકે છે. મોહમાં ફસાયલાને તેનું ખરૂં સ્વરૂપ કદિ સમજાશે નહિ, પણ ઉલટા કેટલાક ખોટા વિચાર થશે.

શોભના આંખ ઉઘાડીને ચારે તરફ જોવા લાગી તો સ્વામીની યાદગિરીનાં સર્વ ચિન્હ ઝુંપડીની અંદર દેખાવા લાગ્યા. એમ જોતાં જોતાં તેને પેલી કાળરાત્રિની– કે જે રાત્રે તે પોતાના પ્રાણથી પણ વધારે પ્યારા પતિના હાથમાં હથિઆર આપીને ' ચાલો જઇએ ' કહીને પેલા બિહામણા રાક્ષસ જેવા પાપી પુરૂષની પાસે લાઈ ગઈ હતી તે રાત્રિની–વાત સાંભરી આવી, અને તેથી તેનું હૃદય ચિરાઇ જતું હોય એમ લાગવા માંડયું. તે મનમાં વિચાર કરવા લાગી કે—" હુંજ તેમના મોતનું કારણ

છું. મે ત્યા જવાની ના કહી હોત તો તે કદી જાત નહિ. મેંજ તેમનો જીવ લીધો છે અને મેંજ મારા પોતાના હાથે મારે ઉપાસના કરવાના દેવને કાઢી મૂક્યો છે ! તે મને ઘણું ચહાતા તેનુજ આ ફળ થયુ ! મારૂ મ્હો જોનારને પણ ઘણું પાપ લાગે ! હુ રાક્ષસી છું, ધણીને મારનારી છું, અને માણસ જાતને-તેમા વિશેષે કરીને સ્ત્રીઓને કલંક જેવી છુ ! ! ”

હાય ! મરતી વખતે પણ તે મારૂજ નામ લેતા હતા ! કોનો સ્વામી કોને આટલી ચહાય છે ? અને જેઓ ચહાય છે તેઓ લાયક હોય તેનેજ ચહાય છે ! મારા જેવી નીચને એટલી બધી કોણ ચહાય ? હુ એવા દેવતાઈ પુરૂષને યોગ્ય પ્રેમ કરી શકી નહિ તેમ તેમની બરદાસ ચાકરી પણ મારાથી બરાબર ના બની ! આટલા દિવસ સુધી મેં તેમને દુઃખજ દીધા કર્યું છે ! તોપણ તે તો હમેશા પ્રેમભાવથી મને તમની છાતીમા છુપાવતા હતા. મરતી વખત તમનો ઘાટો બેશી ગયો હતો અને જીભ ટુંકી થઈ જતી હતી. તોપણ મહા મહેનતે, ભાગ્યાતુટયા અવાજથી તેમણે કહ્યું કે—“ શોભના ! તારો ઈશ્વર અહીં રહ્યો, હુ જાઉ છુ ” આ તેમના છેલ્લા બોલ ! હાય ! આ અભાગિણીની વાત તેમના મનમા હમેશા જાગતી રહેતી. દુનિઆ છોડીને જતી વખત પણ કાળા મ્હોની શોભના સબંધીજ વાત કરતા હતા ! હુ તેમને છોડીને કેમ રહેલી છુ ! હવે મારાથી જીવી શકાશે નહિ આપઘાત કરીને હુ આ દુઃખનો અંત લાવીશ. મોતજ એક ફક્ત ઔષધ છે, અને મારા પાપનુ પ્રાયશ્ચિત-દોષથી છૂટવાનો ઉપાય—છે. હું મરીશ, અને મારૂ સર્વસ્વ જે રસ્તે ગયુ છે તેજ રસ્તે જઈશ.

શોભના ! મારી શોભના ! તારો ઇશ્વર અહીં રહ્યો, હુ જાઉ છું. આ તેમના છેલ્લા શબ્દોમા કેવો દૃઢ વિશ્વાસ દેખાય છે ! અહા ! ઇશ્વર-નેજ પોતાનુ સર્વ સમજ્યાની તેમની શ્રદ્ધા આ શબ્દોથી કેવી સાબિત થાય છે ? આવા શબ્દો કેટલા માણસો કહી શકે છે ? વળી “ તું જાણે છે કે તારો સ્વામી કંઈપણ પાપ કરવાની ધારણા પાર પાડવા જતા આ સજા ભોગવતો નથી ” એ એક બીજી વાત સ્વામી ! એ પણ તમે ઠીકજ

કહ્યું છે. તેમ પારકાને માટે જીવરૂપી રત્ન છોડી દઈને અમર લોકમા ગયા છો. આવી રીતિ આવરદા પૂરો કરવો એજ માણસનું મોટું ભાગ્ય છે.

ઉપરની એ વાતો યાદ કર્યાથી આપઘાત કરવાની તેની ઇચ્છા અટકી પડી. પછી તે વિચાર કરવા લાગી કે–" એણે પારકાને માટે જીવ આપ્યો, તો હું મરૂં છું શા માટે? સ્વામીના વિજોગની વેદના સહન કરી શકતી નથી, એટલાજ માટે ? છટ, છટ, આ કાળા મ્હોડે હું તેમની સ્ત્રી છું એમ કહીને લોકોને મારૂં ઓળખાણ આપું ? તે દેવતા હતા, હું રાંડા જેવી છું, તે સ્વર્ગમાં છે, હું નરકમા છું અને તેમણે પારકાને માટે જીવ આપ્યો છે, હું સ્વાર્થી થઈને મારા હિતને માટે આપઘાત કરૂંછું ! તેમના અને મારામા આટલું બધું જુદાપણું હોવા છતાં હું અને તે ' એકાત્મા ' કેમ થયા ? મારા પ્રેમની શોભા શેમા રહી ? આપઘાત કરીને મરવાથી તો સ્વાર્થીપણું પૂરેપુરૂં સાબિત થઈ ગયું. સર્વ મરી શકે છે, પણ વિજોગનાથી ડરીને નાશવાનુ શું કારણ છે ? પ્રેમના બળથી જે વિજોગને હરાવી શકે છે તેજ જગત છોડીને સ્વર્ગમા જઈ શકે છે, તેજ વિરાગના (બહાદુર સ્ત્રી) છે, અને તેજ દેવી છે. "

" ત્યારે હું મરીશ નહિ, પણ તેમની પૂજા કરવાને જીવતી રહીશ. જો મારી યાદદાસ્ત ગઈ નથી, પ્રેમ ઓછો થશે નહિ, અને અંતઃકરણ જેવું છે તેવું રહેશે, તો, હું મનમાનતી રીતે તેમની પૂજા કરીશ. મારૂં આ કમબખતનું વિધવાપણું જો ઇશ્વરની આજ્ઞા છે, તો એમાં કાંઇ છુપી મતલબ છે, પણ તે સમજવાની મારી શક્તિ નથી. ઇશ્વિર મારો છે એમ તે કહી ગયા છે અને હું પણ સમજું છું માટે જગદીશ્વરના ચરણમાં મારૂં સર્વસ્વ અર્પણ કરીને હું આ દુઃખરૂપી બળતા અગ્નિની ઝાળ સહન કરીશ."

" તે તો વીરપણાનું કામ કરી ગયા છે. એમ મરવું તેમાજ શોભા છે. હું કાંઈ કરી શકી નહિ તેમ મારી આ શક્તિથી કાંઇ થઇ શકશે પણ નહિ. હું છેક નીચમાં નીચ છું. મારામા કાંઇ શક્તિ નથી, પરંતુ મને પેદા કરનાર તો અનંત (જેનો કદી નાશ થાય નહિ તેવો) અને અસીમ

(જેનો પાર–મર્યાદા નથી તેવો) છે. તેથી હું જગતના કામમાં લાગી શકું તો તે આશીર્વાદ દેશે. મારૂં આ તુચ્છ અણુથી એકઠું થયેલું જીવતર પારકાને માટે કામે લગાડી હસતી હસતી ચાલી જઇશ. એનાથી જીંદગીની સફળતા બીજી શી જોઇએ ! માણસનું જીવતર પોતાને માટે નથી, આખા જગતને માટે છે.

આમ વિચાર કરીને શોભના ધીરે ધીરે ઉઠીને બેઠી અને જુએ છે તો જમીનદારના ઘરનો એક ઘરડો નોકર આવીને ઝુંપડીના બારણામાં ઉભેલો છે. હિરાલાલ મરી ગયો ત્યારથી દરરોજ જમીનદારની સ્ત્રી તે નોકરને શોભનાની ઝુંપડીએ મોકલતી હતી. દશ દિવસ પછી આજ શોભનાને બેઠેલી જોઇને તે ઘણો ખુશી થયો. તેના સાથે સહેજસાજ વાતચીત કર્યા બાદ તેણે કહ્યું–" અમારાં બાઇ સાહેબે કહાવ્યું છે કે–આપને પંદર હજાર રૂપિઆ ભેટ કરવાની અમારી ઇચ્છા છે, માટે આપ કૃપા કરીને તે રૂપિઆ લેવાનું કબુલ કરશો તો તેથી અમે ઘણાં ખુશી થઇશું અને આપ પણ સુખથી જન્મારો ગાળી શકશો. વળી જો કાશીમાં ગંગાને કિનારે રહેવાની આપની ઇચ્છા હોય તો ત્યા આપને એક મકાન કરાવી આપીએ."

આ સંદેશો સાંભળી જરાવાર વિચાર કરીને શોભના બોલી–" તમામ બાઇ સાહેબને કહેજો કે રૂપિઆની જ્યારે મારે જરૂર પડશે ત્યારે હું આપને જણાવીશ. બીજું એક મકાન મને મળે તો ઘણું સારૂં; પરંતુ ગંગાકિનારે રહેવાની મારી મરજી નથી. કૃપા કરીને આ વનની પાસેજ જો એવો કાંઇ બંદોબસ્ત કરી આપશો તો મારા ઉપર આપનો મોટો ઉપકાર થશે."

આ પછી સહેજસાજ બીજી થોડીક વાતો કરીને જમીનદારનો નોકર પાછો ગયો અને શોભના એકલી પોતાની ઝુંપડીમાં વિચાર કરતી બેસી રહી.

પ્રકરણ ૬ ઠું.

હિરાલાલને મરી ગયે ઘણાં વર્ષ થઇ ગયાં છે, પ્રથમ જ્યાં વન હતું ત્યાં આજ વસ્તી થઇ છે. એ મુદતમાં કેટલાંક ઘર ઉપડી ગયાં છે અને

કેટલાક ઘરમા જ્યા દરરોજ આનંદ આનંદ દેખાતો ત્યા આજ દિલગીરીના શબ્દો સંભળાય છે. તેમજ કેટલાક ઠેકાણે જ્યા દુઃખ સિવાય બીજું કંઇ જણાતું નહિ ત્યા આજ સુખ અને લીલાલેહેર જોવામા આવે છે. પ્રકૃતિમા જેમ ફેરફાર થાય છે તેમ માનવ જગતમા પણ પાર વિનાના ફેરફાર થયા કરે છે તે જોઇને આશ્ચર્ય પમાય છે.

શોભનાની ઝુંપડીથી અડધા માઇલપર નદી કિનારે પહેલા જ્યા લાંબુ મેદાન હતું ત્યા આજ મોટી વિશાળ હવેલી નજરે પડે છે. અરે પહેલા જ્યા આગળ જતાં જતા મુસાફરોને ઘણું દુઃખ વેઠવુ પડતુ ત્યા આજ સારી ઢંકવાળા શોભાયમાન ઓરડાઓમા અનાથ–નિરાશ્રિત–બાળકોને ઉછેરવામા આવે છે. કેટલાક રોગીઓની બરદાસ ચાકરી થાય છે, અને કેટલીક બળી જળી વિધવાઓ શાંતિ સુખ ભોગવે છે. આ બધુ થવાનુ મૂળ કારણ કોણ છે? બીજુ કોઇજ નહિ, પણ પેલી નિરાધાર વનવાસિની શોભના છે.

હિરાલાલના મરણ પછી જમીનદારની મદદથી શોભનાએ આ મહા પરોપકારના કામમા પોતાની જીંદગી અર્પણ કરી છે. જમીનદારના સગાવહાલા અને મિત્રોએ પણ આ પુણ્યના કામમા મદદ આપી છે. શોભના અનાથ બાળકોને આ આશ્રમમા એકઠા કરીને તેમને ઉછેરે છે, લાચાર ઘરડા અને રોગીઓની તેમની સેવા ચાકરી કરે છે; કમનસિબ વિધવાઓને બોલાવી તેઓના મનમા આત્માની ઉન્નતિ કરવાની ઇચ્છા ઉત્પન્ન કરે છે અને ઘણી તરેહથી તેમના મનને શાંતિ ઉપજાવે છે. એવી ઘણી વિધવાઓ તે આશ્રમમા આવી રહેલી છે, તેઓને શિખવાડવાને શોભના ખરા મનથી મહેનત કરે છે. વળી તેઓને બરાબર રીતસર કેળવણી મળી શકે એવા ઇરાદાથી આશ્રમની અંદર એક સ્ત્રીશાળા સ્થાપન કરી છે તેમાં છોકરીઓ અને જુવાન વિધવાઓ કેળવણી લે છે. શોભના કોઇ પણ ધર્મનો પક્ષપાત કરતી નથી પણ બધા ધર્મને સરખા ગણીને વર્તે છે, તેથી કરીને ગમે તે ધર્મ પાળનારી વિધવાઓ તેના આશ્રમમા દાખલ થાય છે.

જે નીચ પાપી ચોરના મારવાથી હિરાલાલનો જીવ ગયો હતો, તેને જમીનદારની કોશિશથી કાળા પાણીની શિક્ષા થઇ હતી. એ ચોરને ત્રણ છોકરા હતા. તેમને પણ તે [શોભના] પોતાના પુત્રની પેઠે સ્નેહથી પાળી પોશીને ઉછેરતી. અભ્યાસ–મહાવરાના બળથી ધીરે ધીરે તેનુ અંતઃકરણ, દ્વેષ, અને વેરભાવ વગરનુ શુદ્ધ થઇ ગયું હતું. જે કોઇ એ પ્રમાણે અભ્યાસ કરે છે–મહાવરો પાડે છે–તેઓ એવાજ નિર્મળ મનના થાય છે, એ નિશ્ચય છે.

જમીનદાર અને તેના મિત્રોએ શોભનાની ઉદારતાથી મોહ પામીને તેના આશ્રમનુ નામ "સ્નેહભવન" પાડ્યુ, અને તે સ્નેહભવન હમેશા ચાલુ રહે તથા તેની હાલતમા સુધારો વધારો થાય તેને માટે ઘણી કોશિશ કરવા લાગ્યા. સારા કામનુ પરિનામ આવું સારૂંજ મળે છે.

જો કે સઘળા માણસો શોભનાને આ સ્નેહભવનની માલિક સમજતા હતા, પરંતુ તે પોતે તો એ આશ્રમની સેવા ચાકરી કરનારીજ હતી. એક દાસીની પેઠેજ તે સર્વની સેવા ચાકરી કરતી હતી. તો પણ સ્નેહભવનમા રહેનારા તેને દેવી જેવી જાણતા અને દેવીના જેવું માન આપીને પોતાની મા હોય એમ તેને ચહાતાં હતાં. શોભના પણ હમેશા તેમના કલ્યાણ સબંધીજ વિચાર કરતી હતી.

આવા ખરેખરા પરોપકારના શુભ કામમા લાગ્યા છતા પણ શોભના હિરાલાલને ભૂલી ગઈ હોય ના લોકો તેને દેવી કહે તો ભલે કહે, પણ અમે તો તેને રાક્ષસી કહીશુ, અને વાચનાર પણ અમારા મનને મળતા થઇને એક અવાજે તેને રાક્ષસી કહેશે, એમાં સંદેહ નથી. જો એમ હોય તો તેના હૃદયને અમે પત્થરનું હૃદય સમજીશું. તેટલા માટે ચાલો આપણે તેના હૃદયની તપાસ કરીએ કે ત્યાં હિરાલાલ છે કે નહિ ?

શોભના આખા દિવસમા ફક્ત એકવાર પોતાની અસલ ઝુંપડીમાં જતી. ત્યાં જઇને તે ખાતી અને સ્વામીની યાદગિરીની નિશાનીઓ આંખો ભરીને જોતી. જે ખાટલામાં હિરાલાલ સુતો હતો તે ખાટલો હજુ પણ મોજુદ હતો. તેનાપર બેશીને શોભના જ્યારે આખો મીચીને

સ્વામીના ધ્યાનમાં એકતાર થઇ જતી હતી ત્યારે શોકનાં આંસુ પ્રેમનાં આસુ બનીને તેના બન્ને ગાલપર વહેતાં હતાં. ત્યારે કોણ કહેશે કે મરવાથી સંબંધ છુટી જાય છે? કોણ કહેશે કે હિરાલાલ મરી ગયો છે? અને કોણ કહેશે કે શોભના આ જગતમા છે? તે વેળાએ મહાદેવ અને પાર્વતીની પેઠે હિરાલાલ અને શોભના એ બંનેના આત્મા એકત્ર થઇ ગયેલા હોય એમ સમજાય છે. શોભના! રો, બા રો! તારૂં રોવું પ્રેમ વિનાના માણુસ રૂપે પશુ જેવી સ્ત્રીઓને ધડો લેવા જોગ છે. જો અમારાં આંસુથી તારા દુઃખથી બળતા અંતઃકરણમાં જરા પણ આરામ થાય તેમ હોય તો અમે પણ તારી સાથે રડીશું.

એક પળવાર પણ શોભના પોતાના પ્રાણેશ્વરને વિસારતી નહોતી. પ્રેમ પાત્રને હ્રદયના દેવતાંને વિસારવો એ સ્ત્રીઓની શક્તિની બહાર છે.

અઢાર વર્ષ સુધી શોભનાએ સ્નેહભવનનું કામ કયુ. તેટલા વખતમાં કેટલાક બાળકોએ અભ્યાસ કર્યો. કેટલાક રોગીઓએ સાજા થઇ નવી જીંદગી મેળવી, અને કેટલીક વિધવાએ, પોતાને—આપસ્વાર્થને—વિસરીને પારકાને માટે કામ કરતા શીખી. એમાંની ત્રણ ચાર વિધવાઓએ શોભનાની પેઠે પરોપકારના કામમાં જીવતર અર્પણ કર્યું. આશ્રમના કામમાં ખરા મનથી તેમને લાગેલી જોઇને શોભનાએ ધાર્યુ કે—" હવે હુ નહિ હોઉં તો પણ સ્નેહભવન ચાલતું રહેશે."

એક દિવસ રાત્રે શોભના એવી-શોભનાની ગેરહાજરીમાં આશ્રમનું કામ બરાબર ચલાવવાને લાયક થઈ હતી તેવી-વિધવાઓને લેઇને એકાંતમાં બેઠી. ત્યા બીજી કેટલીક વાતો કર્યા પછી તે બોલી કે-" એક વાત મારે તમને કહેવાની છે તે આજ કહું છું. મારો વિચાર હવે આ સ્નેહભવન છોડીને જવાનો છે." સાંભળનાર સ્ત્રીઓએ અચંબો પામીને પૂછ્યું, " શા માટે તમે જાઓ છો? બીજે ક્યે ઠેકાણે જશો?"

શોભનાએ કહ્યું—" તમે જુઓ છો કે મારૂં શરીર ધીમે ધીમે નબળું થતું જાય છે. અને લાગે છે કે હવે હું વધારે દહાડા જીવીશ નહિ તેથી

મારી ઇચ્છા એવી છે કે જીંદગીનો બાકી રહેલો વખત કોઈ એકાંત ઠેકાણે રહી પરમેશ્વરનું ભજન કરતાં કરતાં પુરો કરવો. મારાથી બની શક્યું ત્યાં સુધી મેં આશ્રમની સેવા કરી. હવે તમે લાયક થયાં છો તેથી બધો ભાર ઉપાડી લેશો તો મને નિરાંત વળશે અને મારી ધારણા પાર પડશે." ખડતલની પેઠે તન તોડીને કામ કરનારી અને માતાની પેઠે સર્વની સંભાળ લેનારી શોભના દેવીની આવી વાતથી સાંભળનાર બાઇઓને મનમાં ઘણું દુઃખ લાગ્યું. પરંતુ કર્તવ્ય કર્મમાં હરકત નાંખવી એ પાપનું કામ છે એમ સમજીને ઘણી દિલગીરી સાથે તેઓ તેના વિચારને મળતી થઈ. તેમને એકમત થયેલી જોઇને શોભના ઘણી ખુશી થઈ અને ખીલેલા ચહેરે તેમને કહેવા લાગી.—

"તમને ધન્ય છે! પારકાની સેવા ચાકરીમાં તમે તમારૂં જીવતર અર્પણ કર્યું તેને માટે હું તમને ખરેખરાં નસિબદાર સમજું છું. આ સ્નેહભવનના કામમાં જે નિપુણતા—કાબેલિયતપણું દેખાડો છો, તે ઉપરથી મને વિશેષ ભરૂસો બેઠેલો છે. તમે ખુશીથી આશ્રમનો કારભાર તમારા માથે લો. આગળ બીજી કોઈ નવી બાઇને આશ્રમમાં રહેનારાંઓની સેવા ચાકરી કરવા માટે મુકરર કરવાની જો જરૂર પડે તો, પહેલા તેના ધર્મ, જ્ઞાન અને આચરણની પક્કી તપાસ અને પરીક્ષા કરી જોજો. નઠારાં આચરણવાળી રંગ, રાગ અને વિલાસ જેને વહાલા હોય તેવી અને મૂર્ખ સ્ત્રીના હાથમાં આ સ્નેહભવનનો કારભાર સોંપશો નહિ, એ વાત ખુબ યાદ રાખજો."

"ધર્મની બાબતમાં મારે તમને એટલું કહેવાનું છે કે—જેનો જે ધર્મ ઉપર વિશ્વાસ હોય તેને તે ધર્મ ઉપર વિશ્વાસ રાખવા દેજો. કોઈ માણસ પોતાના મનના ખરા ભાવથી ગમે તેવા હલકા ધર્મ ઉપર વિશ્વાસ રાખે તો તે પણ સારૂં છે. એવાને જોરજૂલમથી તમને વધારે સારા લાગતા બીજા કોઈ ધર્મ ઉપર વિશ્વાસ રાખવાની જરા પણ કોશિશ કરશો નહિ, પરંતુ તેને ખરી કેળવણી આપીને તેની બુદ્ધિને ખીલવજો અને તેના મનને નિર્મળ કરજો એટલે તે પોતાની મેળેજ સત્ય શોધી કહાડીને સીધે રસ્તે

ચાલશે. બળાત્કારથી કરાવેલું કામ કદિ પણ સારૂં નહિ થતાં ઉલટું નુકશાનકર્ત્તા થાય છે. ”

“ બાળકોને ઉછેરવાના સંબંધમાં પણ એ બોલ કહું છું. આ સ્નેહ-ભવનમાં જે છોકરાં-છોકરા અને છોકરીઓ આવે છે તેઓ સઘળાં અનાથ નિરાશ્રિત-હોય છે. તેટલા માટે તમેજ તેઓની માતાઓ અને બહેનો છો એમ સમજવું. તેઓનાં શરીર અને મન યોગ્ય રીતે કેળવાઇને દૃઢ અને જોરાવર થાય, તથા તેમના આત્મા પવિત્ર થાય એવી કોશિશ તમારે કરવી જોઇએ. જમીનદાર સદ્‌ગૃહસ્થે સ્થાપેલી શાળામાં તેઓ લખતાં વાંચતાં શીખશે. પરંતુ તેમને સદાચરણી બનાવવાનું જોખમ તમારા માથે છે, તેમને માણસ કર્યાથીજ માણસને ઘટે તેવા સર્વ ગુણ કર્મવાળાં થાય તે પ્રમાણે તેમને કેળવ્યાથી આગળ જતાં દેશની ચઢતી કળા થશે. આ બાળકોને ઉછેરવા તથા કેળવવાનું કામ સૌથી ચઢિઆતું છે, માટે તે બરાબર બજાવજો.”


“ વિધવા સ્ત્રીઓને બરાબર કેળવણી આપજો, તેઓ હિતાહિત-ભલું ભુંડુ-હાલત અને ઉપયોગીપણું સમજીને જ્યારે પોતાનો ભાર પોતે લેઇ શકે એવી થાય, ત્યારે જે રસ્તે જવાની તેમની ઇચ્છા હોય તે રસ્તે તેમને જવા દેજો. તમે બ્રહ્મચારિણી છો એવું જાણીને કોઇને પણ બળથી કે છળથી કપટથી-તમારા પ્રમાણે ચાલવાની ફરજ પાડશો નહિ. તેઓને ફક્ત એટલું સમજાવજો કે બ્રહ્મચર્યમાં મીઠાશ અને અનેક સુખ છે, પણ બીજી કોઈ રીતે હેરાન કરશો નહિ. જેઓ ખુશીથી તમારૂં એ મહાવ્રત-મોટા નિયમ પાળવાને મરજી બતાવે તેમને મમતાથી તમારી સાથે રાખીને આ સ્નેહ-ભવનની સેવાના કામમાં સામેલ કરજો. ”

“ તમે સૌ સદાચરણી, સંસારનાં સુખ ભોગ છોડી દઇને જોગણો બનેલી, અને ધર્મને માટે પરોપકાર કરવા સારૂ પોતાના સ્વાર્થને પાછ આરી રહેલાં છો. તેથી ખાત્રી છે કે તમારો દાખલો દેખાડી બીજી ઘણી દુઃખી અને દુરાચરણી વિધવા બેહેનોને સુધારીને તમારા જેવી કરી શકશો. તમારા આત્મા ઇશ્વરમાં અર્પણ કરીને તમે સરલ ધર્મના માર્ગમાં પગ

મૂકીને ચાલશો, તો તેમાં ગમે તેટલી હરકતો અને પીડાઓ નડશે તે છતાં જગતમાં તમારો જયજય થશે, એ નક્કી રાખજો."

"હવે બીજું કંઈ પણ હું કહેવા ચાહતી નથી, તમારા જેવી સ્ત્રીઓને આટલું પણ કહેવાની કાંઈ જરૂર નહોતી; પરંતુ આટલા દિવસ સુધી આ સ્નેહભવનમાં તમારી સાથે રહેવાથી પરસ્પર ઘણી પ્રીતિ થયેલી છે તેથીજ આટલી વાતો મેં તમને છેવટે કહી છે તો તમને મારી વિનંતિ છે કે તમારી આ જુની સખી—બહેનપણીના જે જે અપરાધ થયા હોય તે સર્વ ક્ષમા કરજો." આટલું બોલીને શોભના ચુપ રહી.

બીજે દહાડે સવારે શોભનાને કોઈએ જોઈ નહિ. ક્યાંથી જુએ! તે વનની શોભા વનમાંજ ભળી ગઈ. સ્નેહભવનમાંથી જો કે તે જતી રહી છે, તો પણ આખા આશ્રમમાં ઠેકાણે ઠેકાણે જાણે તેની પવિત્ર મૂર્તિ બિરાજતી હોય તેમ સર્વના અંતઃકરણમાં અને નજર આગળ તે શોભા રહી છે.





સ્કુલોને લગતી પુસ્તકોની યાદી.

ટેક્ષ્ટ બુક તરીકે મંજુર થએલી.

આનંદ કેરી ગુચ્છો—નંબર ૧ થી ૫ [illegible] [illegible] [illegible] [illegible] થએલી [illegible] [illegible] એજ્યુ.કમિ.એ પણ [illegible] કરેલી [illegible] [illegible] [illegible] સાફ [illegible] આ [illegible] આવે છે

પ્રાથમિક અંકગણિત—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થી ૦—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બુક તરીકે મંજુર

ઇનામ માટે મંજુર થએલાં પુસ્તકો.

આબરૂ જેવાં છોકરાં.	૦—૮ ૦
ગુજરાતી રાખવાનાં બાળા ફુલ.	૦—[illegible]
ધનવાનીની.	૦—[illegible]
નામદાર શહેનશાહનું જીવનચરિત્ર.	૦—૫ ૦
[illegible] ([illegible] માટે)	૦ [illegible]—૯
શાળોપયોગી [illegible].	૦—[illegible]—૦

[illegible]—[illegible] [illegible] [illegible] [illegible]

કીં ૦—૧—૦ [illegible] કીં. ૦ ૬-૯.

[illegible] એક સીધુ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કીં ૦—૧—૬.

આ ઉપરાંત સ્કુલોને લગતી દરેક બુકો. ઇનામ માટે પુસ્તકો, નકશા, સ્લેટ, ડ્રોઇંગ બુકો વીગેરે બજાર કીંમતે [illegible] મોકલી આપીએ છીએ. બહારગામના મહેતાજીઓને આવવાની મુશ્કેલ [illegible] [illegible] [illegible] કામ પાડી આપો કરશો.

શ્રી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.

[illegible] —અમદાવાદ.